

# SHREE VASISHTHA VIDHYALAYA

GUJARATI MEDIUM / BILINGUAL MEDIUM / ENGLISH MEDIUM (GSEB)

॥ परस्परं भावयन्तः ॥

## Investiture Ceremony of Student Council

## 2025-26

ASHOKA HOUSE

SUBHASH HOUSE

SHIVAJI HOUSE


TAGORE HOUSE

# ॥ परस्परं भावयन्तः ॥

## લાગણીઓ આપણા અસ્તિત્વનો આધાર છે.


આનંદ


વિશ્વાસ


ભય


આશ્ચર્ય


ઉદાસી



અણગમો



ગુસ્સો


અપેક્ષા





## તમે ઓળખાવ એ તમારું ચિત્ર, તમે યાદ રહી જાવ એ તમારું ચરિત્ર... !


વસિષ્ઠ


નચિકેતા



ગણેશ



ધ્રુવ



અષ્ટાવક્ર


અભિમન્યુ


શ્રવણ


પ્રહલાદ

# ॥ परस्परं भावयन्त: ॥

ASHOKA HOUSE SUBHASH HOUSE SHIVAJI HOUSE TAGORE HOUSE

શિસ્ત, સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણનાં ઘડતરની નૈતિક જવાબદારી દરેક શાળાની છે. આજનું બાળક એ આવતીકાલનો એક જવાબદાર નાગરિક બનવાનો છે તો શાળા કક્ષાએ જ તેમનામાં શિસ્તની કેળવણી થાય તે ખૂબ જ જરૂરી છે. તેથી શ્રી વસિષ્ઠ વિધાલયનાં ગુજરાતી માધ્યમમાં પ્રાથમિક વિભાગ **તારીખ :- 19 જુલાઈ, 2025 ને શનિવાર** અને માધ્યમિક વિભાગ **તારીખ :- 26 જુલાઈ, 2025 ને શનિવાર 'INVESTITURE CEREMONY - 2025/26'** શીર્ષક તળે ભવ્યાતિભવ્ય રીતે એક ઉમદા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. શાળામાં અલગ અલગ હાઉસમાં વિધાર્થીઓને વહેંચવામાં આવે છે. જેમાં સુભાષ હાઉસ, ટાગોર હાઉસ, શિવાજી હાઉસ અને અશોકા હાઉસ નામાભિધાન આપવામાં આવ્યા છે. આ હાઉસને અલગ પાડવાનું કામ તેનો યુનિફ્રોર્મ કરે છે. મુખ્યત્વે આ યુનિફ્રોર્મ દર બુધવારે અને શનિવારે પહેરવાનો હોય છે પરંતુ કોઇપણ પ્રવૃત્તિ કે વિશેષ કાર્યક્રમ સમયે પણ તેને બાળકો ધારણ કરે છે. આ યુનિફ્રોર્મમાં અનુક્રમે રેડ (સુભાષ), ગ્રીન (ટાગોર), યલો (શિવાજી) અને બ્લ્યુ (અશોકા) ડ્રેસકોડ આપવામાં આવ્યા છે. બાળક શાળામાં પ્રવેશ મેળવે એટલે તેને આ ચારમાંથી કોઈ એક હાઉસના પ્રતિનિધિ બનવાનું હોય છે. આ હાઉસ દ્વારા જ વર્ષ દરમિયાન બાળકો દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ થકી તેનું મૂલ્યાંકન થતું હોય છે. જેમાં સ્વચ્છ વર્ગખંડ, વસિષ્ઠ ઓનેસ્ટ કલાસ, વસિષ્ઠ ઓનેસ્ટ ઈન્ડેકસ, 'શબ્દયાત્રા' શીર્ષકથી લખાતું ભીંતપત્ર, વર્ગમાં લખતા સુવિચાર, રમતગમત, શિસ્ત, પરિણામ આ દરેક બાબતોનું મૂલ્યાંકન કરવામાં આવે છે અને અંતે હાઉસના પરફ્રોર્મન્સના આધારે જે તે હાઉસને વિજેતા જાહેર કરવામાં આવે છે. શાળામાં બે વિભાગમાં દરેક હાઉસના કેપ્ટન અને શાળાના સ્કૂલ કેપ્ટનની નિમણૂંક કરવામાં આવી હતી જેમાં ધોરણ 1 થી ધોરણ 5 અને ધોરણ 6 થી 9 એમ બે વિભાગમાં અલગ અલગ ફરજો નક્કી કરવામાં આવે છે. જેમાં ગત વર્ષના પ્રતિનિધિઓએ પોતાની જવાબદારી અને જવાબવહીં નવા પ્રતિનિધિઓને સોંપે છે. ધોરણ 1 થી ધોરણ 5 ના વિભાગમાં સ્કૂલ કેપ્ટન તરીકે ધોરણ 5 ના વિધાર્થી અને સ્કૂલ કેપ્ટન તરીકે ધોરણ 5 ની વિધાર્થિનીની નિમણુક કરવામાં આવે છે. ઉપરાંત ધોરણ 6 થી 9 સ્કૂલ કેપ્ટન તરીકે ધોરણ 9 ના વિધાર્થી અને સ્કૂલ કેપ્ટન તરીકે ધોરણ 9 ની વિધાર્થિનીની પસંદગી કરવામાં આવે છે.

## હર દિલ વસિષ્ઠ, હર ઘર વસિષ્ઠ

# ચેરમેનશ્રીનો સંદેશ



Shri Ramnikbhai Davariya
Chairman
Vasishtha Group of Schools

કોઈપણ સંસ્થાની ઓળખ તેના શિક્ષણની સાથે સાથે તેની શિસ્ત થકી પણ થતી હોય છે. માત્ર શિક્ષકોની હાજરીમાં બાળકો શિસ્તમાં બેસે કે વર્તે તેને જ શિસ્ત ન કહેવાય. શિસ્ત આપોઆપ અંદરથી જ પ્રગટવી જોઈએ. આજનો બાળક એ આવતીકાલનો નાગરિક છે. તે દેશનું ભવિષ્ય છે. તેનું સાચું ઘડતર શાળા દ્વારા યોગ્ય દિશામાં કરવામાં આવે તો તે દેશનું અમૂલ્ય ઘરેણું સાબિત થઈ શકે. આપણી સંસ્થા આ ઉત્તમ માર્ગે અગ્રેસર છે તેનું ગૌરવ છે. આપણો આજનો આ નાનો પ્રયત્ન આવતીકાલ માટે ખૂબ જ મહત્વનો સાબિત થશે  તેવી આશા સાથે બધાને ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

# ડાયરેક્ટરશ્રીનો સંદેશ



Shri Vijaybhai Davariya
Director
Vasishtha Group of Schools



Shri Ravibhai Davariya
Director
Vasishtha Group of Schools

નેતાઓ માત્ર રાજકારણમાં નથી હોતા ઘર, પરિવાર,શાળા, સમાજ, ઓફિસ અને મિત્ર વર્તુળમાં પણ નેતાઓની જરૂર છે. લીડર એટલે કોઈપણ વ્યક્તિ જે નેતૃત્વ કરી શકે,આદેશ આપી શકે, માર્ગ બતાવી શકે અને પ્રેરણા આપી શકે જે સારા ભવિષ્ય તરફ દોરી શકે છે નેતૃત્વની ગુણવત્તા શક્તિ કરતાં સંવેદનશીલતાની નજીક છે. ટીમના મન વાંચવાની, દરેકને સાથે લઈને આગળ લઈ જવાની કળા સફળ નેતૃત્વની નિશાની છે. આ માટે ન તો પ્રભાવશાળી વ્યક્તિત્વની જરૂર છે કે ન તો શક્તિના પ્રદર્શનની.આ એવા ગુણો છે જેને અપનાવીને કોઈપણ વ્યક્તિ પોતાની જાતને એક સફળ નેતા બનાવી શકે છે. આપણી શાળા દ્વારા બાળકોને આ ઉત્તમ ગુણોનો કક્કો ઘૂંટવા માટે જે પ્રયત્નો થઇ રહ્યા છે તે સરાહનીય છે. આ ઉમદા પ્રવૃત્તિને સાકાર કરવા માટે પ્રયત્નો કરનાર સર્વેને ખૂબ ખૂબ શુભેચ્છાઓ....

# શૈક્ષણિક સલાહકારશ્રીનો સંદેશ



Dr. Pareshbhai Savani
Advisor
Vasishtha Group of Schools

એક જવાબદાર અને ભરોસાપાત્ર નેતા હોવાનો અર્થ એ છે કે લોકો તમારાં પર વિશ્વાસ કરી શકે છે. તમારી પાસે આત્મવિશ્વાસ, આશાવાદ અને સુસંગતતા હશે, જેનાથી સમગ્ર ટીમ તમારાં નિર્ણયોમાં વિશ્વાસ કરશે.  એક મહાન નેતા જે યોજનાઓને વળગી રહે છે અને વચનો પાળે છે. વિશ્વસનીય નેતા દ્વારા બાંધવામાં આવેલા મજબૂત સંબંધો એક સ્થિતિ સ્થાપક ટીમ બનાવે છે જે સંભવિત મુશ્કેલીઓને દૂર કરી શકે છે.  એવું કહેવાય છે કે ભારતનું ભાવી તેના વર્ગખંડોમાં આકાર લઇ રહ્યું છે તો શાળાની જવાબદારી કેટલી બધી વધી જાય કે દેશને એક સબળ અને સક્ષમ નેતા આપવાનું આપણી સંસ્થા દ્વારા વિદ્યાર્થીકાળમાં જ બાળકોમાં સફળ નેતૃત્વના ગુણો ખીલે, વિકસિત બને તે માટે દર વર્ષે INVESTITURE CEREMONY યોજાય છે. જેમાં સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ શિસ્તનું પાલન કરે તે માટેનું આયોજન અને અનુશાસન તેઓ માંથી ચુંટાયેલા પ્રતિનિધિ વિદ્યાર્થીઓ જ કરે આ બાબત ખૂબ જ  રોમાંચિત કરે તેવી છે. આ વર્ષે આ નવી ટીમ ખૂબ જ સુંદર કાર્ય કરે અને પ્રમાણિકપણે પોતાના ધ્યેયને સિદ્ધ  કરે તેવી શુભેચ્છાઓ.....

## પ્રધાનાચાર્યશ્રીનો સંદેશ



Shri Mehulbhai Vaddoriya
Principal
Shree Vasishtha Vidhyalaya

જ્યારે સામે વહેણે હોડકું ચલાવવાની વાત આવે ત્યારે લીડરની નેતૃત્વ શક્તિની અગ્નિ પરીક્ષા થતી હોય છે અને સોનું જેમ કસોટીમાંથી પસાર થઈને બહાર આવે ત્યારે કેવો સુંદર આકાર ધારણ કરે છે તેમ લીડર પણ કસોટીમાંથી બહાર આવે ત્યારે ખીલી ઊઠતો હોય છે પણ આવા સમયે સૌથી વધુ મહત્વનું એ છે કે લીડરે સિક્કાની બંને બાજુની મુલવણી કરવી પડે એક તરફી નિર્ણયો કદાચ અત્યંત ઘાતક પણ પુરવાર થઈ શકે છે.

સાચો લીડર તેને જ કહેવાય કે જે સિક્કાની બંને બાજુની મુલવણી કરીને આગળ વધે. પ્રગતિમાં કે અધોગતિમાં લીડરનો જ રોલ મહત્વનો છે. જો લીડર પરિસ્થિતિના સારાં અને નરસાં પાસાંનો યોગ્ય રીતે વિચાર કરીને આગળ આવે તો ઓછામાં ઓછી તકલીફે આગળ વધી શકે છે. મજબૂત લીડરની નિશાની છે કે તે બંને બાજુની સ્થિતિ જુએ, જેનાથી સુમેળભર્યા વાતાવરણમાં કામ આગળ ચાલે. અહીં આપણે એવો આગ્રહ રાખીએ છીએ કે તમે કોઈપણ વસ્તુને બીજાની નજરથી જુઓ. તેની સાથે તમારા નિર્ણયને જોડો ત્યારબાદ નિર્ણય લો. મોટાભાગે નિર્ણય ખોટો પડવાનો વારો નહીં આવે. તમે નિર્ણય જ્યારે બીજાની નજરેથી જુઓ છો ત્યારે તમને ખબર પડે છે કે આમાં બીજા ઉપર શી અસર ઊભી થશે. વિદ્યાર્થીકાળથી જ બાળકો લીડરશીપના ગુણો આત્મસાત કરે તેવા શુભ આશયથી આપણી સંસ્થા દ્વારા ખૂબ જ મહત્વનું કાર્ય થઇ રહ્યું છે જેને ખરેખર બીરાદાવતા ગૌરવ અનુભવું છું. આ વર્ષે પસંદગી પામેલા તમામ વિદ્યાર્થી પ્રતિનિધિઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ....

## પ્રાથમિક વિભાગના આચાર્યશ્રીનો સંદેશ



Shri Ashvinbhai Karkar
Principal (Primary Section)
Shree Vasishtha Vidhyalaya

રામાયણ અને મહાભારત જેવાં ધર્મગ્રંથો આપણને ફક્ત ધર્મ, સત્ય અને કર્મની રાહ જ નથી દાખવતા પરંતુ લીડરશિપ ક્વૉલિટીઝ પણ શીખવે છે એક સાચા નેતા તરીકે રામ ધર્મ અને કર્તવ્યની મર્યાદા પ્રસ્થાપિત કરે છે તેથી જ તેમને મર્યાદા પુરુષોત્તમ કહે છે, જ્યારે કૃષ્ણ ધર્મની તથા કર્તવ્યની એ મર્યાદાનું રક્ષણ કરે છે અને એ માટે જરૂર હોય ત્યારે સ્વયંશસ્ત્ર ધારણ પણ કરે છે અને જરૂર હોય ત્યારે શસ્ત્રધારીનું માર્ગદર્શન પણ કરે છે તેથી જ કૃષ્ણને પૂર્ણ પુરુષોત્તમની ઉપમા આપવામાં આવી છે ટૂંકમાં રામ હતા કે નહીં, કૃષ્ણની હયાતી હતી કે નહીં એ બધી ચર્ચામાં પડવા કરતાં જો આપણે તેમના ચરિત્રના આવા ગુણોને અનુસરવાનો પ્રયત્ન કરીએ તો પણ જીવનમાં પ્રગતિ કરવામાં આ બન્ને પાત્રો આપણી મોટી સહાયતા કરી શકે એમ છે. આ વર્ષે પસંદગી પામેલા તમામ વિદ્યાર્થી પ્રતિનિધિઓ રામ અને કૃષ્ણને અનુસરે અને એક સફળ નેતૃત્વ પૂરું પાડે તેવી શુભેચ્છાઓ....

## શાળાની શિસ્ત સમિતિના હેડનો સંદેશ



Shri Shailesh Dhimmar
Head of Discipline Committee
Shree Vasishtha Vidhyalaya

વહાલાં વિદ્યાર્થીઓ....

વર્ષ 2025-26 નાં આરંભે સમગ્ર વર્ષ દરમિયાન શાળામાં શિસ્ત, સંસ્કાર અને શિક્ષણ તેમજ પ્રવૃત્તિઓ ખૂબ જ ઉત્તમ રીતે થઇ શકે તેમજ શાળા પોતાના નિર્ધારિત લક્ષ્યને પ્રાપ્ત કરી શકે તે માટે શાળા કટિબદ્ધ હોય છે. વિદ્યાર્થીઓને શિસ્તબદ્ધ રાખવા માટે તેમનામાંથી પ્રતિનિધિ વિદ્યાર્થીઓ આવે અને તે લોકો પોતાના ઉદાહરણ અન્ય બાળકોને પૂરા પાડીને પ્રેરિત કરે તેવો આપણો હેતુ છે. બાળકો શિક્ષાથી નહીં પરંતુ શુભ ભાવથી સ્વયં શિસ્તવાળા બને તેવો આપણો આશય છે. આપણે તે દિશામાં સફળ રીતે આગળ વધી રહ્યા છીએ તેનો આનંદ છે. બધા વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ....

## સ્કૂલ કેપ્ટનનો પ્રતિભાવ (સેકન્ડરી બિલ્ડીંગ)



**DODIYA MANAV**
**(STD - 9)**

હું ડોડીયા માનવ ધોરણ 9 માં અભ્યાસ કરુ છું. વર્ષ 2025 -26 માં અમારી શાળામાં ગુજરાતી માધ્યમમાં સ્કૂલ કેપ્ટન તરીકે મારી નિમણૂક કરવામાં આવી છે. જેનો આનંદ અને ગર્વ પ્રગટ કરું છું. મારી શાળાએ મને ખૂબ જ મહત્વની જવાબદારી સોંપી છે તે બદલ હું ખૂબ જ આભાર પ્રગટ કરું છું. વર્ષ દરમિયાન શાળામાં શિસ્ત બાબતે વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ કરવાનો હું નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરીશ મારી જાતને હું ખૂબ જ ભાગ્યશાળી સમજુ છું કે મને આ તક મળી તેનો યોગ્ય સદ ઉપયોગ હું કરવાની કોશિશ કરીશ... આભાર...



**CHAUHAN KAVYA**
**(STD - 9)**

હું ચૌહાણ કાવ્યા ધોરણ 9 માં અભ્યાસ કરુ છું. વર્ષ 2025-26 માં અમારી શાળામાં ગુજરાતી માધ્યમમાં સ્કૂલ કેપ્ટન તરીકે મારી નિમણૂક કરવામાં આવી છે. જેનો આનંદ અને ગર્વ પ્રગટ કરું છું. નાની ઉંમરમાં જ મને શાળા દ્વારા આ પ્રકારની જવાબદારી સોંપીને મારી અંદર નેતૃત્વના જે ગુણો વિકસાવવાનું વાવેતર થયું છે તેનો મને ખૂબ જ આનંદ છે. હું ચોક્કસપણે એવી આશા વ્યક્ત કરું છું કે આજનું આ વાવેતર ભવિષ્યમાં અવશ્ય મીઠાં ફળ આપશે. ફરીથી તમામનો આભાર...

## સ્કૂલ કેપ્ટનનો પ્રતિભાવ (પ્રાયમરી બિલ્ડીંગ)



**SAVANI HETANSH**
**(STD : 5)**

હું સવાણી હેતાંશ ધોરણ 5 માં અભ્યાસ કરુ છું. વર્ષ 2025-26 માં અમારી શાળામાં ગુજરાતી માધ્યમમાં સ્કૂલ કેપ્ટન તરીકે મારી નિમણૂક કરવામાં આવી છે. જેનો આનંદ અને ગર્વ પ્રગટ કરું છું. મારી શાળાએ મને ખૂબ જ મહત્વની જવાબદારી સોંપી છે તે બદલ હું ખૂબ જ આભાર પ્રગટ કરું છું. વર્ષ દરમિયાન શાળામાં શિસ્ત બાબતે વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ કરવાનો હું નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરીશ મારી જાતને હું ખૂબ જ ભાગ્યશાળી સમજુ છું કે મને આ તક મળી તેનો યોગ્ય સદઉપયોગ હું કરવાની કોશિશ કરીશ... અભાર...



**ASODARIYA YASHSVI**
**(STD : 5)**

હું અસોદરિય યશસ્વી ધોરણ 5 માં અભ્યાસ કરુ છું. વર્ષમાં 2025-26 અમારી શાળામાં ગુજરાતી માધ્યમમાં સ્કૂલ કેપ્ટન તરીકે મારી નિમણૂક કરવામાં આવી છે. જેનો આનંદ અને ગર્વ પ્રગટ કરું છું.  નાની ઉંમરમાં જ મને શાળા દ્વારા આ પ્રકારની જવાબદારી સોંપીને મારી અંદર નેતૃત્વના જે ગુણો વિકસાવવાનું વાવેતર થયું છે તેનો મને ખૂબ જ આનંદ છે. હું ચોક્કસ પણે એવી આશા વ્યક્ત કરું છું કે આજનું આ વાવેતર ભવિષ્યમાં અવશ્ય મીઠાં ફળ આપશે.  ફરીથી તમામનો આભાર...

# HOUSE CAPTAIN (SECONDARY BUILDING)



HOUSE CAPTAIN

**ASHOKA HOUSE**

VANSIYA HARSHRAJSINH
(STD - 9)



HOUSE CAPTAIN

**ASHOKA HOUSE**

PATOLIYA DRASHTI
(STD - 9)



HOUSE CAPTAIN

**SUBHASH HOUSE**

DOBARIYA AARAV
(STD - 9)



HOUSE CAPTAIN

**SUBHASH HOUSE**

JOSHI KRISHNA
(STD - 9)



HOUSE CAPTAIN

**SHIVAJI HOUSE**

NAIK HITARTH
(STD - 9)



HOUSE CAPTAIN

**SHIVAJI HOUSE**

BHIKADIYA HANI
(STD - 9)



HOUSE CAPTAIN

**TAGORE HOUSE**

KHER HIRPALSINH
(STD - 9)



HOUSE CAPTAIN

**TAGORE HOUSE**

PANARA BHAGYASHREE
(STD - 9)

# HOUSE CAPTAIN (PRIMARY BUILDING)



HOUSE CAPTAIN

**ASHOKA HOUSE**

PATEL DIYANKUMAR
(STD - 5)



HOUSE CAPTAIN

**ASHOKA HOUSE**

VASOYA MISHRI
(STD - 5)



HOUSE CAPTAIN

**SUBHASH HOUSE**

VIRANI DHYAN
(STD - 5 B)



HOUSE CAPTAIN

**SUBHASH HOUSE**

DESAI POORVI
(STD - 5 A)



HOUSE CAPTAIN

**SHIVAJI HOUSE**

VAGHASIYA NIJ
(STD - 5 B)



HOUSE CAPTAIN

**SHIVAJI HOUSE**

SURMA PRISHA
(STD - 5 B)



HOUSE CAPTAIN

**TAGORE HOUSE**

HIRPARA KUNJ
(STD - 5 A)



HOUSE CAPTAIN

**TAGORE HOUSE**

PATEL JASHMINE
(STD - 5 B)

# પ્રતિનિધિ શિક્ષકશ્રી (પ્રાયમરી બિલ્ડીંગ)


FARMAKAR TEJALBEN
SUPERVISOR


PATEL RAJ
P. E. TEACHER


PATEL JAGRUTIBEN P
HOUSE HEAD


PATEL JAYSHREEBEN
HOUSE HEAD

SHREE VASISHTHA VIDHAYALAYA
ASHOKA HOUSE


PADHIYAR MAYURIBEN
ASHOKA HOUSE


PATEL POOJABEN
ASHOKA HOUSE

SHREE VASISHTHA VIDHAYALAYA
SUBHASH HOUSE


PATEL TRUPTIBEN
SUBHASH HOUSE


CHAUHAN MIRALIBEN
SUBHASH HOUSE

SHREE VASISHTHA VIDHAYALAYA
SHIVAJI HOUSE


PARMAR DHARMISHTABEN
SHIVAJI HOUSE


CHATURVEDI BELABEN
SHIVAJI HOUSE

SHREE VASISHTHA VIDHAYALAYA
TAGORE HOUSE


AHIR BHAVNABEN
TAGORE HOUSE


GOHIL HEENABEN
TAGORE HOUSE

# પ્રતિનિધિ શિક્ષકશ્રી (સેકન્ડરી બિલ્ડીંગ)



**THAKOR PRAGNESHSINH**

SUPERVISOR



**PATEL SHARAD**

P. E. TEACHER



**SUTARIYA YAGNIKBHAI**

HOUSE HEAD



**DESAI RIMABEN**

ASHOKA HOUSE



**PATEL VANDANABEN**

SUBHASH HOUSE



**CHAUDHARI RAHULKUMAR**

SHIVAJI HOUSE



**PATEL ADARSHBHAI**

TAGORE HOUSE